Re-Accredited 'B++' 2.86 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Digital Helpline No.- 0261 2388888
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૦૨૪

## સ્નાતક (ધોરણ -૧૨ પછીના) કક્ષાના અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે ઓનલાઇન પ્રવેશફોર્મ ભરવા અંગેની અંતિમ તારીખોની જાહેરાત

૨૦૨૩-૨૦૨૪ દરમ્યાન સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માંગતા હોય તેવા તમામ વિદ્યાર્થીઓ માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી પરિસર ખાતે (યુનિવર્સિટી કેમ્પસમાં), વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત સંલગ્ન સરકારી તથા અનુદાનિત કોલેજોમાં તેમજ અનુદાનિત કોલેજોમાં ચાલતા અનુસ્નાતક કેન્દ્રોમાં તથા સ્વનિર્ભર કોલેજોમાં ચાલતા વિવિધ અનુસ્નાતક અભ્યાસક્રમોમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૦૨૪ માં પ્રવેશ માટે યુનિવર્સિટીની વેબસાઈટ www.vnsgu.ac.in પર ઓનલાઇન પ્રવેશ ફોર્મ ભરવાની પ્રક્રિયા તારીખ ૧૪/૪/૨૦૨૩ ના રોજ બપોરે ૨.૦૦ કલાકથી ચાલુ થઇ ચુકેલી છે. કેટલાક અભ્યાસક્રમોમાં પ્રવેશ પ્રક્રિયા પણ ચાલુ થઇ ચુકેલી છે. સ્નાતક (ધોરણ -૧૨ પછીના) કક્ષાના અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માટે ઓનલાઇન ફોર્મ ભરવાની છેલ્લી તારીખો નીચે મુજબ છે.

**Under Graduate Programmes (After 12th)**

| Sr.No | Name of Program | Last Date |
|---|---|---|
| 1 | B.COM. (BATCH - 2) | 30/6/2023 |
| 2 | B.R.S. (BATCH - 2) | 30/6/2023 |
| 4 | B.COM. LL.B. (HONS) (BATCH - 2) | 30/6/2023 |
| 5 | B.A. MASS COM. (BATCH - 2) | 30/6/2023 |
| 6 | BACHELOR OF FINE ARTS (BATCH - 2) | 30/6/2023 |
| 7 | BACHELOR OF INTERIOR DESIGN (BATCH - 2) | 30/6/2023 |
| 8 | B.C.A. (BATCH - 3) | 30/6/2023 |
| 9 | B.B.A. (BATCH -3) | 30/6/2023 |

B.R.S. તથા Five Year Integrated M.R.S. in Sustainable Development બંને માટે એક જ કોમન ફોર્મ ભરવાનું રહેશે. એ સિવાય ના પ્રત્યેક અભ્યાસક્રમ માટે અલગ અલગ પ્રવેશ ફોર્મ ભરવાના રહેશે.

B.Com, BBA, તથા B.C.A ની પ્રવેશ પ્રક્રિયા સુરત, વલસાડ, નવસારી, બારડોલી અને ભરૂચ એમ પાંચ ઝોન વાઈઝ કરવાની હોવાથી વિદ્યાર્થીઓએ પોતાની પસંદગી ની કોલેજો જે ઝોનમાં આવતી હોય તે જોઈ તે અનુસાર પ્રવેશ ફોર્મ ભરવાના રહેશે. જો કોઈ વિદ્યાર્થી એક કરતાં વધુ ઝોન ની કોલેજો માટે પ્રવેશ ફોર્મ ભરવા માંગતા હોય તો પ્રત્યેક ઝોન માટે અલગ અલગ ફોર્મ ભરવાનું રહેશે. (કયા ઝોનમાં કઈ કઈ કોલેજો નો સમાવેસ કરવામાં આવેલ છે તેની વિગતો વેબસાઈટ પર ઉપલબ્ધ છે, તે જોયા બાદ જ ફોર્મ ભરવાની કાર્યવાહી કરવી).

વિદ્યાર્થી ડેસ્કટોપ કોમ્પ્યુટર, લેપટોપ અથવા મોબાઈલ થી પોતે જ પોતાનું ફોર્મ ભરી શકશે. વિદ્યાર્થીઓએ સાયબર કાફેમાં ન જતાં પોતે ફોર્મ ભરવું અથવા નજીકની કોલેજ, પોતાની શાળા અથવા નજીકની અન્ય શાળામાં જઈ ફોર્મ ભરવું હિતાવહ છે. કોલેજો તથા શાળાઓ વિદ્યાર્થીઓ પાસે રૂ. ૫૦ લઈ ફોર્મ ભરવાની સુવિધા ઉપલબ્ધં કરાવશે. દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કાર્ય વિસ્તારમાં આવેલ તમામ શાળાઓ અને દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો હેલ્પ સેન્ટર તરીકે કાર્યરત રહેશે. ડોક્યુમેન્ટ જમા કરાવવા કે વેરીફાય કરાવવા કોઈપણ કોલેજ, યુનિવર્સિટી કે હેલ્પ સેન્ટર પર રૂબરૂ જવાનું રહેશે નહીં. ઓનલાઇન ફોર્મ ભરવામાં થતી મુઝવણ માટે હેલ્પલાઇન નંબર ૦૨૬૧૨૩૮૮૮૮૮ પર જ પૂછપરછ કરી સ્પષ્ટતા મેળવી લેવાની રહેશે.

સમગ્ર પ્રવેશ પ્રક્રિયા ઓનલાઇન રહેશે, વિદ્યાર્થીએ નિયમિત રીતે પોતાનું ડેશબોર્ડ તથા યુનિવર્સીટી ની વેબસાઈટ ચેક કરવાની રહેશે, ઓનલાઈન ફોર્મમાં વિદ્યાર્થીએ જે કોલેજમાં પ્રવેશ મેળવવો છે તેની પસંદગી કરવાની નથી.

ઓનલાઇન ફોર્મ ભર્યેથી વિદ્યાર્થીને પ્રત્યેક ફોર્મ માટે લોગીન આઈ.ડી. તથા પાસવર્ડ આપવામાં આવશે, જે પ્રવેશની સમગ્ર પ્રક્રિયા દરમ્યાન તમામ વિદ્યાર્થીઓએ સાચવીને રાખવાનો રહેશે.

વિદ્યાર્થીઓને ફાળવવામાં આવનાર પ્રવેશ પ્રોવિઝનલ ગણાશે, કોઈપણ તબક્કે રજૂ કરેલ દસ્તાવેજ (ડોક્યુમેન્ટ) ની સત્યતા બાબતે, ઓનલાઇન ફોર્મ માં વિદ્યાર્થીએ ભરેલ માહિતી બાબતે અથવા પ્રવેશ માટેની નિર્ધારિત લાયકાતની પરિપૂર્ણતા અંગે કોઈ વિસંગતતા ઊભી થાય તેવા સંજોગોમાં પ્રવેશ રદ કરવા સહિતનો યુનિવર્સિટીનો નિર્ણય આખરી ગણાશે.

નોંધ:.

૧. B.A. ની પ્રવેશ પ્રક્રિયા જેતે કોલેજ ખાતે કરવામાં આવનાર હોવાથી કોલેજ નો સંપર્ક કરવાનો રહેશે.

૨. MBBS, BHMS, B.Sc. Nursing, B. Optometry, B. Architecture, B. Physiotherapy, MBA, MCA તથા અન્ય જે અભ્યાસક્રમના પ્રવેશ યુનિવર્સિટી દ્વારા કે યુનિવર્સિટી સંલગ્ન કોલેજ દ્વારા કરવામાં આવતા નથી પરંતુ ગુજરાત સરકારશ્રી દ્વારા નિયુક્ત સેન્ટ્રલાઈઝ્ડ એડમિશન કમિટી દ્વારા કરવામાં આવે છે માટે આ જાહેરાત આવા અભ્યાસક્રમોને લાગુ પડતી નથી.

૩. જે વિદ્યાર્થીઓ પ્રવેશ માટે કોઈપણ પ્રકારની અનામત કેટેગરીનો લાભ લેવા માંગતા હોય તેવા વિદ્યાર્થીઓએ સંબંધિત કેટેગરી માટે જરૂરી સર્ટિફિકેટ (દાખલા) કઢાવીને અપલોડ કરવાના રહેશે, જેથી પ્રવેશ પ્રક્રિયામાં અનામત કેટેગરીનો લાભ લેવા થી વંચિત ના રહી જવાય.

૪. **સ્નાતક કક્ષાએ પ્રવેશ પ્રક્રિયા ધોરણ ૧૨ ના પરિણામ ના મેરીટ ને આધારે જ કરવામાં આવશે જેની ખાસ નોંધ લેવા વિનંતી**

કુલસચિવ

તારીખ : ૧૯/૦૬/૨૦૨૩

સ્થળ : સુરત